| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ થયા તારીખ | ૨૮/૧૧/૨૦૨૫ | | |
| કેસ રજી. થયા તારીખ | ૨૮/૧૧/૨૦૨૫ | | |
| કેસ ફેંસલ કર્યા તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦ | ૬ | ૧૩ |

**મહેરબાન ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ– સુરેન્દ્રનગર.**

**ફો.કેસ નં. ૪૬૧૨/૨૦૨૫.**
**આંક:–**

ફરિયાદી:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી. અશરફભાઈ કરીમખાન અલીખાન પઠાણ,
રહે.ગામ–નોંઘણવદર, સીપાઈ શેરી,
તા.પાલીતાણા, જી.સુરેન્દ્રનગર.

**ગુન્હો ::** **બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબ**

---

ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી :: એ.બી.દેસાઈ.
આરોપી તરફે વિ.વ.શ્રી :: આઈ.કે.શેખ

---

**–// ચુકાદો //–**

(૧) ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબ શિક્ષાપાત્ર ગુના અંગેનું ચાર્જશીટ કરવામાં

આવેલ છે. ફરિયાદપક્ષ દ્રારા આરોપી પર મુકવામાં આવેલ તહોમતની સંક્ષિપ્ત હકીકત નીચે મુજબ છે.

(૨) આ કામના આરોપીએ તારીખ ૨૫/૦૨/૨૦૨૫ ના કલાક ૨૧/૨૫ થી તારીખ ૨૬/૦૨/૨૦૨૫ ના કલાક ૬:૨૦ વાગ્યા દરમ્યાન ટ્રેન નં.૧૯૧૦૮ ઉધમપુર-ભાવનગર એકસ.ટ્રેનના એસ-૫ કોચમાં શીટ નં૭૪ ઉપર મુસાફરી દરમ્યાન રનીંગ ટ્રેનમાં સુરેન્દ્રનગર ગેટ રેલ્વે સ્ટેશન આવતા ટ્રેન મુસાફરી દરમ્યાન પોતાનો એક ઓપો કંપનીનો મોબાઈલ જેમાં જીઓ સીમ નં.૬૨૮૦૧૪૭૭૦૧ તથા એરટેલ સીમ નં. ૯૯૧૫૬૦૭૩૭૯ કિ.રૂ.૧૫,૦૦૦/- તથા ૫૦૦/- ના દરની કુલ-૪૦ ભારતીય કરન્સીની નોટો કિં.રૂ.૨૦,૦૦૦/- તથા ૬૦૦/- અમેરીકન ડોલર કિ.રૂ. ૦૦/૦૦ વિગેરે સામાન મળી કુલ કિં.રૂ.૩૫,૦૦૦/- નો મુદામાલ ફરીયાદીની ઉંઘનો લાભ લઈ આ કામના આરોપી ચોરી કરી લઈ જઈ નાશી જઈ ,આરોપીએ બી.એન.એસ.ની કલમ - ૩૦૩ (૨) મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

**<u>પોલીસ કાર્યવાહી.</u>**

(૩) ઉપરોકત ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ સુરેન્દ્રનગર રેલ્વે પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તે આધારે પી.એસ.ઓ. દ્રારા ગુના રજીસ્ટ્રેશન નંબર - ૦૦૩૧ /૨૦૨૫ થી ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ આ કામે તપાસ

કરનાર અધિકારીને સદર ગુનાની તપાસ સોંપતા તેઓએ જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના જવાબો લઈ, પૂરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલત સમક્ષ હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહી.</u>**

(૪) સદર કામના આરોપીને સમન્સ કરતા જેની બજવણી થતાં કોર્ટ સમક્ષ આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક – ૦૩ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આંક – ૦૪ થી પ્લી નોંધતા આરોપીએ ગુનો કબુલ નથી, કેસ આગળ ચલાવવો છે તેમ જાહેર કરતા આરોપીની વિરૂધ્ધ ન્યાયિક ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષ દ્રારા નીચે નોંધ્યા મુજબનો મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખવામાં આવેલ છે.

(૫) ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજુ કરેલ છે.

**<u>ફરિયાદ પક્ષે મૌખીક પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સંજયભાઈ શંકરભાઈ સિંધીની જુબાની | ૭ |
| ૨ | પંચ મનોજભાઈ બળદેવભાઈ જાદવની જુબાની | ૧૦ |
| ૩ | ત.ક.અ.હે.કો.વિક્રમભાઈ હરીભાઈ સિંઘવની જુબાની | ૧૨ |
| ૪ | ફરીયાદી બલદેવસિંગ શીતલસિંગની જુબાની | ૧૫ |

**<u>ફરિયાદ પક્ષે લેખિત પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અટક પંચનામું | ૮ |
| ૨ | ડેપ્યુટ હુકમ | ૧૩ |
| ૩ | ફરીયાદ | ૧૬ |

(૬) આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ જ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવા ન હોઈ કલોઝીંગ પુરસીસ – ૧૮ થી ફરિયાદીએ રજુ રાખી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયાનું મૌખીક વિનંતીથી જાહેર કરવામાં આવતા ફરીયાદપક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લઈ ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક

પુરાવો જણાય આવતો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## દલીલો

(૮) આ કામમાં ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી. એ.બી.દેસાઈ દલીલો કરતા જણાવે છે કે, આ કામના આરોપીની વિરૂધ્ધ ફરિયાદપક્ષે રજૂ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પોતાનો કેસ નિ:શંકપણે રેકર્ડ પર સાબિત કરેલ હોય, આરોપીને કાયદાથી ફરમાવેલ મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે તેમજ આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) સદર કામે રજુ કરવામાં આવેલ પુરાવા ઘ્યાને લેતા નીચે મુજબ ના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દાઓ

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૫/૦૨/૨૦૨૫ ના કલાક ૨૧/૨૫ થી તારીખ ૨૬/૦૨/૨૦૨૫ ના કલાક ૬:૨૦ વાગ્યા દરમ્યાન ટ્રેન નં.૧૯૧૦૮ ઉધમપુર–ભાવનગર એકસ.ટ્રેનના એસ–૫ કોચમાં શીટ નં૭૪ ઉપર મુસાફરી દરમ્યાન રનીંગ ટ્રેનમાં સુરેન્દ્રનગર ગેટ રેલ્વે સ્ટેશન આવતા ટ્રેન મુસાફર દરમ્યાન પોતાનો એક ઓપો કં

પનીનો મોબાઈલ જેમાં જીઓ સીમ નં.૬૨૮૦૧૪૭૭૦૧ તથા એરટેલ સીમ નં. ૯૯૧૫૬૦૭૩૭૯ કિ.રૂા.૧ ૫,૦૦૦/- તથા ૫૦૦/- ના દરની કુલ.૪૦ ભારતીય કરન્સીની નોટો કિં.રૂા.૨૦,૦૦૦/- તથા ૬૦૦/- અમેરીકન ડોલર કિ.રૂા. ૦૦/૦૦ વિગેરે સામાન મળી કુલ કિં.રૂા.૩૫,૦૦૦/- નો મુદામાલ ફરીયાદીશ્રીની ઉંઘનો લાભ લઈ આ કામના આરોપી ચોરી કરી લઈ જઈ આરોપીએ બી.એન.એસ.ની કલમ - ૩૦૩ (૨) મુજબ નો શીક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

**(૯.૧)** ઉપરોકત મુદૃાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>::- કારણો -::</u>**

**<u>મુદૃા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા:-</u>**

**(૧૦)** ફરીયાદપક્ષે તરફે કેસ પુરવાર કરવા માટે આંક-૭ થી પંચ સંજયભાઈ શંકરભાઈ સિંધી તેમજ આંક-૧૦ થી પંચ મનોજભાઈ બળદેવભાઈ જાદવને તપાસવામાં આવેલા છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે છ માસ પહેલા બનેલો પોલીસે તૈયાર કાગળમાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલી

તેમની હાજરીમાં આરોપીની અટક કરેલ હોય તેવુ બનેલ નથી.ઉપરોકત પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોવાથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૧૦.૧) ફરિયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે ફરિયાદી બલદેવસિંગ શીતલસીંગનાઓને આંક–૧૫ થી તપાસી તેઓની જુબાની દરમિયાનમાં આંક–૧૬ થી ફરિયાદ રજૂ રાખવામાં આવેલ છે. સદર ફરિયાદી પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ટ્રેનનંબર–૧૯૧૦૮ ઉધમપુર–ભાવનગર ટ્રેનમાં જલંધરથી આંબલીરોડ જવા રવાના થયેલો રાત્રીના ૨૧/૧૫ વાગ્યાની આસપાસ જોધપુર રેલ્વે સ્ટેશનથી ટ્રેન ઉપડયા બાદ સુઈ ગયેલ બાદ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૬:૨૦ વાગ્યે ગેઈટ સ્ટેશન આવતા ઉતરી ગયેલ કારણ કે તેમને અમદાવાદ જવાનુ હતુ અને ઉંઘ દરમ્યાન કોઈ ઈસમ મારી પાસે રહેલ ઓપો કંપનીનો મોબાઈલ તથા રોકડ રૂપિયા વીસ હજાર તથા ૬૦૦ અમેરીકન ડોલર અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલ. ત્યારબાદ બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રી દ્રારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સદરહું ફરિયાદીએ સ્વીકારેલ છે કે, તેમનો મોબાઈલ તથા રોકડ રકમ વિગેરે કોણ ઈસમ ચોરી કરી લઈ ગયેલ તેની તેઓને ખબર નથી કારણ કે તે સમયે તે સુઈ ગયેલ હતા. પોલીસે કોઈ આરોપીની

તેમની સમક્ષ ઓળખ પરેડ કરાવેલ નથી. પોલીસે ફરીયાદ લખી સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ તેમાં શુ લખેલ તેની તેમને ખબર નથી.

(૧૧) ફરીયાદ પક્ષે રજુ પુરાવાઓ જોવામાં આવે તો ઉપરોકત ફરીયાદીને આંક–૧૫ થી સોગંદ પર તપાસેલા છે તેઓ પોતાની આંક –૧૬ થી રજુ થયેલ ફરીયાદ માંહેની વિગતોને સર્મથન કરતાં નથી તેમજ બચાવ પક્ષે કરેલ ઉલટ તપાસના ભાગે કબુલ રાખે છે કે તેમનો મોબાઈલ તથા રોકડ રકમ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલો તથા પોલીસે આરોપીની કોઈ ઓળખ પરેડ મારી સમક્ષ કરાવેલ નથી તેમજ દસ્તાવેજો માંહેની વિગતો ફરીયાદ પક્ષે ધારાસર પુરાવાના કાયદાની જોગવાઈઓ મુજબ પુરવાર કરેલ ન હોય ફરીયાદ પક્ષને મદદરૂપ બનતાં નથી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો,

**(1) AIR 1977 SC 170 -**

**RABINDRA KUMAR DEY V/S STATS OF ORRISA.**

1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

3) That the onus of the prosecution never shifts.

**(૧૨)** ઉપરોકત ચૂકાદો ચીવટપૂર્વક વંચાણમાં લેતાં ક્રિમીનલ જયુરીશ પ્રુડન્સના ખૂબજ મહત્વના સિધ્ધાંતો પણ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષ આરોપીની વિરૂધ્ધનો પોતાનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે. ફરિયાદી બલદેવસિંગ શીતલસિંગ તેમના પુરાવામાં ફરિયાદને સમર્થન કરતો પુરાવે આપે છે. જયારે તેમની ઉલટતપાસ ધ્યાને લઈએ તો તેમનો મોબાઈલ તથા રોકડ રકમ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલો જેની તેઓને ખબર નથી અને આરોપીની તેમની સમક્ષ ઓળખ પરેડ કરાવેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, ફરિયાદી પોતે ભોગ બનનાર છે. તેમ છતાં ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવા જેટલો પુરાવો રજૂ રાખતા નથી. જે ધ્યાને લેતાં આ કામના ફરિયાદીનો મોબાઈલ તથા રોકડ રકમ ચોરી થયાનુ પુરવાર થાય છે પરંતુ તે ચોરી આ કામના આરોપી દ્રારા જ કરવામાં આવેલી હોય, તેવી હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં આ કામે આંક – ૦૮ થી અટક પંચનામુ રજૂ કરવામાં આવેલ છે. જે પંચનામાની હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલા નથી. તેમજ ફરિયાદીએ આંક – ૧૮ થી કલોઝીંગ પુરસીશ રજૂ

કરેલ હોય, તે સંજોગોમાં ઉપરોકત રજુ સમગ્ર પુરાવાઓની ચર્ચાના પ્રકાશમાં જોતાં ફરીયાદ પક્ષ આરોપી ની વિરૂ૦ધ્ધના ઓક્ષેપો જેવાં કે, આ કામના આરોપીએ તારીખ ૨૫/૦૨/૨૦૨૫ ના કલાક ૨૧/૨૫ થી તારીખ ૨૬/૦૨/૨૦૨૫ ના કલાક ૬:૨૦ વાગ્યા દરમ્યાન ટ્રેન નં.૧૯૧ ૦૮ ઉધમપુર–ભાવનગર એકસ.ટ્રેનના એસ–પ કોચમાં શીટ નં ૭૪ ઉપર મુસાફરી દરમ્યાન રનીંગ ટ્રેનમાં સુરેન્દ્રનગર ગેટ રેલ્વે સ્ટેશન આવતા ટ્રેન મુસાફર દરમ્યાન પોતાનો એક ઓપો કં પનીનો મોબાઈલ જેમાં જીઓ સીમ નં.૬૨૮૦૧૪૭૭૦૧ તથા એરટેલ સીમ નં. ૯૯૧૫૬૦૭૩૭૯ કિ.રૂા.૧૫,૦૦૦/– તથા ૫૦૦/– ના દરની કુલ.૪૦ ભારતીય કરન્સીની નોટો કિં.રૂા.૨૦,૦૦૦/– તથા ૬૦૦/– અમેરીકન ડોલર કિ.રૂા. ૦૦/૦૦ વિગેરે સામાન મળી કુલ કિં.રૂા.૩૫,૦૦૦/– નો મુદામાલ ફરીયાદીશ્રીની ઉંઘનો લાભ લઈ આ કામના આરોપી ચોરી કરી લઈ જઈ આરોપીએ બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબ ના શિક્ષાપાત્ર ગુનો આરોપીઓએ કર્યાનું સબળ, શ્રેષ્ઠ, સચોટ, સર્મથનકારી, વિશ્વસનીય, માનવાલાયક તેમજ કડીબધ્ધ પુરાવાઓ રજુ રાખી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નંબર – ૧ નો જવાબ '' નકાર '' માં આપી, મુદ્દા નંબર – ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// આખરી હુકમ //–**

(૧) આ કામના આરોપી અશરફભાઈ કરીમખાન અલીખાન પઠાણ,રહે. ગામ–નોંઘણવદર, સીપાઈ શેરી, તા.પાલીતાણા, જી. સુરેન્દ્રનગર બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૧ (૧) (સી.આર.પી.સી.ની કલમ – ૨૪૮(૧)) અન્વયે બી.એન.એસ.ની કલમ – ૩૦૩ (૨) મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે મુદામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તેને કાયમ રાખવામાં આવે છે/મુદામાલ અંગે જો કોઈ હુકમ થયેલ ન હોય તો તેના માલિકની ખરાઈ કરી મુદામાલ પરત સોંપવો.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) ના અપીલ સમય સુધીના સધ્ધર જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં આજરોજ રજૂ કરવા.

ઉપરોકત હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૦/૦૬/૨૦૨૬
મુકામ: – સુરેન્દ્રનગર.

( રૂચિતા.વી.વૈશ્ય )
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.
કોડ નંબર -**GJ-01149.**